ખેડા નગરપાલિકા, ખેડા , તા. ખેડા. જી. ખેડા – ૩૮૭૪૧૧

# ખેડા નગરપાલિકા

ખેડા ,તા. ખેડા જી. ખેડા – ૩૮૭૪૧૧

(વેબસાઇટ એડ્રેસ : **www.khedanagarpalika.com**)

---

**પરીક્ષા પદ્ધતિ:-**

ખેડા નગરપાલિકા ધ્વારા નિયત સમયમર્યાદામાં મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી કરીને લાયક ઉમેદવારોની પરીક્ષા પદ્ધતિ O.M.R. – M.C.Q. અનુસાર રહેશે.

**અભ્યાસક્રમ અને ગુણભાર નીચે મુજબનો રહેશે.**

| ક્રમ | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| ૧ | સામાન્ય જ્ઞાન : ગુજરાતનો ઇતિહાસ,ભૂગોળ અને સંસ્કૃતિ, ભારતનું બંધારણ, રમતગમત, સામાન્ય વિજ્ઞાન, વર્તમાન પ્રવાહો, પર્યાવરણ, જાહેર વહીવટ, સરકારી યોજનાઓ, પંચાયતી રાજ અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ વગેરે | ૩૦ | ૬૦ મિનિટ |
| ૨ | ગુજરાતી સાહિત્ય , ગુજરાતી વ્યાકરણ | ૨૦ | |
| ૩ | અંગ્રેજી વ્યાકરણ | ૧૦ | |
| ૪ | ગાણિતિક કસોટીઓ અને ટેસ્ટ ઓફ રીઝનીગ | ૩૦ | |
| ૫ | કોમ્પ્યુટરને લગતું સામાન્ય જ્ઞાન | ૧૦ | |
| | કુલ ગુણ | ૧૦૦ | |

અભ્યાસક્રમ નું વિયષવસ્તુ ધોરણ ૧૨ H.S.C ની સમકક્ષ રહેશે.

**સામાન્ય શરતો :**

**(૧)** તમામ ઉમેદવારોના કિસ્સામાં વયમર્યાદા તા.૩૧/૦૮/૨૦૧૭ની સ્થિતિ ધ્યાનમાં લેવામાં આવશે.અન્ય તમામ બાબતો માટે પણ Cut Off Date તા.૩૧/૦૮/૨૦૧૭ની ગણવાની રહેશે.

**(૨)** બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૩૮ વર્ષની ઉમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે.

**(૩)** બિન અનામત તથા અનામત વર્ગોની મહિલા ઉમેદવારોને પણ બધી જ મળવા પાત્ર છૂટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૩૮ વર્ષની ઉમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે.

**(૪)** આગળની ભરતી પ્રક્રિયા સંદર્ભે ખેડા નગરપાલિકા દ્વારા આપવામાં આવતી જરૂરી સુચનાઓ જોવા માટે નગરપાલિકાની વેબસાઇટ અવાર નવાર જોતાં રહેવું.

**(૫)** એથ્લેટિકસ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી,સ્વિમીગ, ટેબલ ટેનિસ,વોલીબોલ, ટેનિસ, વેઇટલિફ્ટિગ, રેસલિગ, બોકસિગ, સાઈકલિગ , જીમનેસ્ટિક્સ, જુડો,રાઇફલ શુંટિગ, કબડ્ડી, ખોખો, તીરદાજી, ઘોડેસવારી, ગોળાફેક, નૌકાસ્પર્ધા, શતરજ, હેંડબોલની રમતો-ખેલકુદમાં (1) રાષ્ટ્રીય / આતરરાષ્ટ્રીય અથવા (2) આંતર યુનિવર્સિટી અથવા (3) અખિલ ભારત શાળા સંઘ ધ્વરા યોજાતી સ્પર્ધાઓમાંપ્રતિનિધિ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં મેળવેલ કુલ ગુણનાં ૫ (પાંચ ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે.

(૬) સ્પર્ધાત્મક પરીક્ષાના સ્થળે ઉમેદવારે પોતાના ખર્ચે હાજર થવાનું રહેશે.

(૭) સ્પર્ધાત્મક પરીક્ષા માં પાસ થયેલ ઉમેદવાર ને નગરપાલિકા નક્કી કરે તે કોમ્પ્યુટર પ્રેક્ટિકલ ટેસ્ટ આપવાનો રહેશે.

**સામાન્ય સૂચનાઓ :**

**(૧).** શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરની જાણકારી, ઉંમર, જાતિ (કેટેગરી-SC,ST,SEBC),માજી સૈનિક, સ્પોર્ટ્સ, શારીરિક ખોડખાપણ અને અન્ય બાબતનોના ઉમેદવાર પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે અરજીપત્રક માં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. તથા તેના આધારે સ્પર્ધાત્મક પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે. અરજીમાં દર્શાવેલ વિગતોના સમર્થનમાં પ્રમાણપત્રો અને પુરાવાઓ ખેડા નગરપાલિકા માંગે ત્યારે ઉમેદવારે અસલમાં (ઝેરોક્ષ નકલો સહીત) રજુ કરવાના રહેશે. એવા પુરાવા રજુ નહી કરી શકનાર ઉમેદવારનું અરજીપત્રક જે- તે તબકકેથી "રદ" ગણવામાં આવશે.

**(૨).ખેડા નગરપાલિકા દ્વારા ઉમેદવારને આપવામાં આવેલ પ્રવેશપત્રની જમણી બાજુ પાસપોર્ટ સાઇઝનો ફોટો લગાવીને પરીક્ષાકેન્દ્રમાં આવવું ફરજીયાત રહેશે. તેની પાસપોર્ટ સાઇઝના ફોટાની એક કરતા વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત - સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરીપત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજુ કરવાની રહેશે.)**

(૩) ઉમેદવારે પરીક્ષાખંડ માં અસલ ઓળખપત્ર ખંડ નિરીક્ષક ને બતાવવા નું રહેશે. ઓળખપત્ર વિનાના ઉમેદવાર ને પરીક્ષા આપવા દેવામાં આવશે નહીં.

**(૪)** ફીકસ પગારથી લાયક ઉમેદવારને ૫ (પાંચ) વર્ષના અજમાયશી ધોરણે જગ્યા ઉપર નિમણૂક સતાધિકારી ધ્વારા નિમણૂંક આપ્યેથી આ જગ્યાના ભરતી નિયમો મુજબ નિમણૂંક આપવામાં આવશે.

**(૫)** આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સતાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવાને પાત્ર ઠરશે.

**(૬)** ઉમેદવાર પોતે મેરીટ યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબધિત જગ્યા ઉપર નિમણૂંક મેળવવાનો દાવો કરવાને હકકદાર થશે નહિ. નિમણૂંક કરનાર સતાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ તે નગરપાલિકાની ભરતી બઢતીના ઠરાવેલ નિયમોનુસાર યોગ્ય જણાતો નથી.તો જે તે તબકકે આવા ઉમેદવારને તેની નિમણૂંક 'રદ' કરીને પડતો મૂકી શકશે. નિમણૂંક બાબતે **ખેડા નગરપાલિકા નો** નિર્ણય આખરી ગણાશે.

**(૭)** આ ભરતી પ્રક્રિયા ઉકત જણાવેલ જગ્યાઓ પ્રવતમાન ભરતી નિયમો - ભરતી પરીક્ષા નિયમોને આધિન રહેશે.

**(૮)** આ જાહેરાત કોઇ પણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો નગરપાલિકાને સંપૂર્ણ હકક / અધિકાર રહશે અને નગરપાલિકા આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

**(૯) બોર્ડ (નગરપાલિકા) ની વેબસાઇટ https://khedanagarpalika.com નિયમિતપણે જોતા રહેવા ઉમેદવારોને ખાસ ભલામણ છે.**

**(૧૦).** નગરપાલિકા જે કોઇ ઉમેદવારને ;

1. તેને ઉમેદવારી માટે કોઇપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે નગરપાલિકાના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે,
2. બીજાનુ નામ ધારણ કરવા માટે,
3. બીજા પાસે પોતા નુ નામ ધારણ કરાવવા માટે,
4. બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે,
5. યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે,
6. પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઇ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે,
7. પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉતરવહીની નકલ કરવા, પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઇપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત ધ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઇપણ ગેરરીતિ આચરવા માટે,
8. લખાણોમાં અશ્લીલ ભાષા અથવા બીભસ્ત બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે,
9. OMR ઉતરપત્રમાં પોતાની ઓળખસૂચક કોઇપણ પ્રકારની નિશાની, લખાણ, આલ્ફાબેટ,ચિન્હ કે જેનાથી ઓળખ પ્રસ્થાપિત થાય તેવા પ્રયાસ કરવા માટે,
10. પરીક્ષા ખંડમાં અન્ય કોઇ રીતે ગેરવર્તણૂંક કરવા માટે,
11. પરીક્ષાના સંચાલન કરવા માટે નગરપાલિકા રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઇજા કરવા માટે,
12. પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઇપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા આવા પ્રસંગે મદદગારી કરવા માટે, અથવા
13. પરીક્ષા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઇપણ સચુનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનુ જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત - (ક) નગરપાલિકા, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે.
14. સરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ ધ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયકાતનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

**(૧૧).** નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દ્રષ્ટાંત સ્વરૂપે છે.જે સંપૂર્ણ નથી)

- CCC નું પ્રમાણપત્ર ના હોવાથી
- અરજીમાં દર્શાવેલ વિગતો અધુરી કે અસંગત હોય
- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ, શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવાર તેમજ માજી સૈનિક તેઓની કેટેગરી અંગેનું પ્રમાણપત્ર ધરાવતા ન હોય

**(૧૨)** અરજદારે અરજી પત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ) માં પાછળ થી કેટેગરી બદલવાની રજુઆત આગ્રહ રાખવામાં આવશે નહીં.

**(૧૩)** ન્યાયક્ષેત્ર ખેડા રહેશે.

***-સહી-***

**પસંદગી સમિતિ**

**ખેડા નગરપાલિકા**

તારીખ : ૦૧/૦૫/૨૦૧૮

સ્થળ : ખેડા